# ઇતિહાસને સમજવાનો ઉપક્રમ | ડૉ. રાજેશ મકવાણા

[**'ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત'** : મકરન્દ મહેતા, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૮+૧૭૬, કિં. રૂ. ૯૦/-]

મકરન્દ મહેતાકૃત 'ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત' એ ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું બત્રીસમું પુસ્તક છે. મકરન્દ મહેતા ઇતિહાસના તજ્જ્ઞ વિદ્વાન હોઈ પ્રસ્તુત ગ્રંથ એનું પરિણામ છે. સાહિત્ય અને સામાજિક શાસ્ત્રોનો અભ્યાસ ઇતિહાસકાર માટે અનિવાર્ય બની રહે છે. એના ઐતિહાસિક સંદર્ભ વગર આપણે સાંપ્રત અને ભવિષ્યને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જાણી શકતા નથી. લેખક આ ગ્રંથના મુખ્ય હેતુ વિશે નિવેદનમાં નોંધે છે કે, 'મારો મુખ્ય હેતુ સમાજપરિવર્તનની દૃષ્ટિએ કામ કરતા બૌદ્ધિકો અને કર્મશીલો, અને ખાસ કરીને યુવા પેઢીના વાચકો સમક્ષ એવી વાતો રજૂ કરવાનો છે જે બહુત્વવાદી અને સમતાવાદી 'કોમ્પોઝિટ કલ્ચર'ને સમજવામાં અને વિકસાવવામાં ઉપયોગી થઈ પડે.'

પ્રસ્તુત ગ્રંથમાં સમાવાયેલા દસ લેખો દ્વારા લેખક ઇતિહાસ, સમાજ અને સાહિત્ય વચ્ચે પ્રવર્તતા આંતરસંબંધોને ખોલી આપે છે. પ્રથમ લેખમાં ગુજરાતના ઇતિહાસની પલટાતી જતી દિશાઓ પ્રત્યે નિર્દેશ કર્યો છે. વેપાર ક્ષેત્રે ગુજરાતીઓની સાહસિકતા કેવી ગૌરવપ્રદ રહી છે એ વિશે, સમાજસુધારાના આંદોલનમાં અને રાષ્ટ્રીય આઝાદીની ચળવળમાં તેમજ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા વિશે, સામાજિક પિરામિડની છેક નીચે રહેલા કચડાયેલા વર્ગ વિશે, ગુજરાતમાં પાંગરેલી સૂફી અને સંતપરંપરા વિશે અને જનસમુદાયના સ્થળાંતર – ગુજરાતી ડાયસ્પોરા વિશે વિગતે ચર્ચા કરતાં નોંધે છે કે સાહિત્ય, સામાજિક શાસ્ત્રો અને ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં સંશોધનનાં આ વિવિધ ક્ષેત્રો સંશોધકોની રાહ જોઈ રહ્યાં છે. પદ્મનાભકૃત 'કાન્હડદે પ્રબંધ'ની રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભમાં ચર્ચા કરતાં તેઓ નોંધે છે કે 'કાન્હડદે પ્રબંધ' એ આપણી સાંપ્રત જ્ઞાતિ- આધારિત સમસ્યાઓને સમજવા માટે ઉપકારક બની રહે એવાં બોધપાઠ અને ચેતવણીથી ભરપૂર છે.

મુઘલ સમયના અમદાવાદના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર નગરશેઠ વેપારી દાનેશ્વરી અને સંસ્કારપુરુષ શેઠ શાંતિદાસ ઝવેરીનું અનોખું વસિયતનામું આપ્યું છે. આ લેખનો ઉદ્દેશ ફારસી દસ્તાવેજને આધારે મધ્યકાલીન અમદાવાદને સમજવાનો છે. લેખક અહીં શાંતિદાસ ઝવેરી અને તેમના કુટુંબીજનો ઉપર જ નહિ પરંતુ તે સમયની નગરીય સંસ્થાઓ, જીવનશૈલી, પોળ, પડોશ, વ્યાપારી તથા ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ મહિલાઓના વારસાઈ અધિકારો ઉપર નવો પ્રકાશ પાથરે છે.

'મધ્યકાલીન સાહિત્ય, સમાજ અને ઇતિહાસ' લેખમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કેટલીક ખૂટતી કડીઓ તરફ નિર્દેશ કરીને આ સમયના કેટલાક સર્જકોની કૃતિઓને ઐતિહાસિક અભિગમ સાથે તપાસવામાં આવેલ છે. ત્યાર બાદ દલપતરામ અને ઍલેક્ઝાંડર ફૉર્બ્સ વચ્ચેની વિરલ મૈત્રી, દેશ, જાતિ ધર્મ કે સંપ્રદાયથી પર હતી એના વિશે ચર્ચા કરી છે. અહીં દલપતરામ અને ફૉર્બ્સ (ફાર્બસ સાહેબ)ની મૈત્રીના સ્નેહભાવની કેટલીક મહત્ત્વની કડીઓ મળે છે. 'કોમી એખલાસની ભાવનાની દૃષ્ટિએ ગાંધીયુગ પહેલાં ગુજરાતમાં વિકસેલો નાગરિક સમાજ' લેખમાં સાંસ્થાનિક ગુજરાતમાં આરંભના સમયમાં સિવિલ સોસાયટીનો ઉદય અને વિકાસ કરવાના જે પ્રયાસો થયા હતા તેનું વિહંગાવલોકન કરવામાં આવ્યું છે. હિન્દુ-મુસ્લિમ એકતાની ભાવનાને પુષ્ટ કરતી નિઝામુદ્દીન અમીરુદ્દીન કુરેશીએ અનુવાદિત કરેલ 'કૃષ્ણકથા'ને રજૂ કરી છે.

ભારતીય પરંપરાની શોધમાં ગોવર્ધનરામ ત્રિપાઠી અને સમાજસુધારાનો તેમનો અભિગમ – લેખમાં સમાજસુધારાના અભિગમો, ગોવર્ધનરામ અને શોપનહોર, ગોવર્ધનરામનો ઇતિહાસવિષયક અભિગમ વિશે ચર્ચા કરી છે. દીર્ઘદ્રષ્ટા હાજી મહમ્મદના પ્રયાસનું પરિણામ 'વીસમી સદી' સાહિત્ય, સમાજ અને ઇતિહાસનો ત્રિવેણી સંગમ હતું. આ લેખમાં હાજી મહમ્મદના વ્યક્તિત્વ અને સંદર્ભવર્તુળ વિશે તેમજ 'વીસમી સદી'ની સામગ્રીવિષયક વિગતોની ચર્ચા કરી છે. પશ્ચિમનો સાંસ્કૃતિક પ્રભાવ અને સ્વામી વિવેકાનંદ વિશેના લેખમાં કેટલાક નવા ખ્યાલો અને સ્રોતોને આધારે વસ્તુનિષ્ઠ રીતે આ વિષયની ચર્ચા કરી છે.

આમ, આ ગ્રંથમાં ઇતિહાસ, સમાજ અને સાહિત્ય વચ્ચે પ્રવર્તમાન વિવિધ તાણાવાણાને સાંધવાનો પ્રયાસ થયો છે. મકરન્દ મહેતાએ અહીં નવા પ્રશ્નો, સ્રોતો અને ખ્યાલો(concepts)ને આધારે ગુજરાતના ઇતિહાસને આગળ ધપાવવાનો જે ઉપક્રમ રચેલ છે તે અભિનંદનને યોગ્ય છે.

r